RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 93 Date: 24.01.2024 Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# ભાજપે લોકસભા ચૂંટણીનું રણશિંગું ફૂંક્યું





અયોધ્યામાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા પૂરી થતાં જ ભાજપ એક્શન મોડમાં આવી ગયું છે. ભાજપે લોકસભા ચૂંટણીના ઉમેદવારની જાહેરાત કર્યા વગર જ લોકસભા કાર્યાલયનું ઉદ્ઘાટન કરવાનું શરૂ કર્યું છે. આજે ગાંધીનગર લોકસભા બેઠક માટે ભાજપ કાર્યાલયના ઉદ્ઘાટનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગુજરાત અધ્યક્ષ સી.આર. પાટીલ એવું બોલ્યા હતા કે, અમિત શાહની લોકસભા કાર્યાલયનું ઉદ્ઘાટન ..... તો શું સી.આર પાટીલે પેપર ફોડી દીધું છે? અમિત શાહ લોકસભા ચૂંટણી ગાંધીનગર બેઠક પરથી લડશે? ...જો આવું છે તો સમજો કે આજે ભાજપે દેશના લોકસભા ચૂંટણીના પહેલાં ઉમેદવાર જાહેર કરી દીધા છે.

ગુજરાતની ૨૬ સીટ પર ભાજપના ઉમેદવારની જાહેરાત વગર જ લોકસભા કાર્યાલય ખોલવામાં આવ્યું છે. ગાંધીનગર લોકસભા બેઠક માટે ભાજપનું કાર્યાલય ખોલવામાં આવ્યું છે. લોકસભા ચૂંટણીમાં ભાજપના શંખનાદમાં ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે. નડ્ડા ગાંધીનગર લોકસભા કાર્યાલયના ઉદઘાટનમાં હાજર રહ્યા હતા. ગુજરાતમાં સાથે ૨૬ લોકસભા સીટના ભાજપના કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું છે.

જે.પી. નડ્ડાએ જણાવ્યું હતું કે બોલો જય શ્રીરામ...જય જય શ્રીરામ... લોકસભા ચૂંટણી માટે ગુજરાતની ૨૬ બેઠક માટે તમામ જગ્યાએ કાર્યાલયના શ્રીગણેશ કર્યા છે. ૨૦૨૪ની ચૂંટણી માટે લોકસભા કાર્યાલયની વ્યવસ્થા બનાવી છે, જેમાં ૨૬ સીટના કાર્યાલયનું ઓપનિંગ કરવામાં આવ્યું છે. સી.આર. પાટીલ અને ભૂપેન્દ્ર પટેલને એટલે અભિનંદન, કેમ કે લોકસભા ચૂંટણીની જાહેરાત પહેલાં જ કાર્યાલય ખોલવામાં આવ્યું છે. ભાજપ ફર્સ્ટ, ગુજરાત ફર્સ્ટ અને પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ઈન્ડિયા ફર્સ્ટ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત બે વખતથી ૨૬માંથી ૨૬ બેઠક આપી રહ્યું છે. ૨૦૨૪માં પણ ૨૬માંથી ૨૬ બેઠક આપશે. ગુજરાતમાં ભાજપ સંગઠનને વિકસિત કરવાની પદ્ધતિ ખૂબ મહત્ત્વની છે, જેને આખા દેશમાં અમલ કરી છે. સંગઠન કેવી રીતે મજબૂત કરી શકાય? આગળ કેવી રીતે વધારી શકાય? એ નરેન્દ્ર મોદીમાંથી શીખ્યા છીએ. ન ભૂતો, ન ભવિષ્યતિ હોય એવું સંગઠન છે. ૭૦ વર્ષ કોંગ્રેસ અને અન્ય પક્ષોએ જાતિ આધારિત, વિસ્તાર આધારિત રાજકારણ કરી પોતાના ઘર ભરવાની રાજનીતિ કરી છે, પણ નરેન્દ્ર મોદીએ રાજકારણ બદલી નાખ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વ્યક્તિ પોતાના રિપોર્ટકાર્ડ લઈને જનતા વચ્ચે જવું પડે એવી રાજનીતિ કરી નાખી છે. જાતિ જનગણનાના આધારે વોટ લેવા માટે ઈન્ડિયા રાજનીતિ કરતું હતું, પણ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ખેડૂત, ગરીબ, વૃદ્ધ અને યુવા એમ ચાર જ જાતિ છે. ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના તો ખેડૂતોના હાથમાં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે જ આવી ગઈ હતી. કોટનનું ઉત્પાદન ૩૫ ટકા વધ્યું. ૧ ટ્રિલિયનનો ધંધો દૂધક્ષેત્રમાં થાય છે. મુખ્યમંત્રી અમૃતમ યોજના, ખિલખિલાટ અને પ્રધાનમંત્રી બન્યા બાદ આયુષ્ય યોજના આપી. ૧૦ વર્ષ પહેલાં ધારાસભ્યો કહેતા કે ૫ લાખ આપો, ઓપરેશન કરવાનું છે, ૧.૫ લાખ આપો, ઓપરેશન કરવાનું છે, પણ આયુષ્યમાન ભારત યોજના થકી કેન્દ્ર ૫ લાખ અને ગુજરાત રાજ્ય ૫ લાખ મળી કુલ ૧૦ લાખની સહાય મળે છે. આ યોજનાનો લાભ ગરીબ માણસોને જ મળે છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૧૪ વખતે ૧૧મા ક્રમે આર્થિક સ્તરે હતા. જ્યારે આજે ૨૦૦ વર્ષ રાજ કરનારા બ્રિટનને પછાડીને ૫મા નંબર પર છે. જો મોદી આવશે તો ત્રીજી મોટી અર્થ વ્યવસ્થા બની જશે.જાપાન કરતાં વધારે ઓટોમોબાઈલક્ષેત્રમાં છે. ૨૦૨૪માં કેમ મોદી? કેમ ભાજપ? કેમ કે સપનું અને લક્ષ્ય છે કે કોઈ ગરીબ ન રહે અને બધા આગળ વધે. ગરીબ કલ્યાણ યોજનાને કારણે ૮૦ કરોડ લોકોને રેશન મળે છે, જ્યારે આઈએમએફ કહે છે કે ૧૩ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. જ્યારે નીતિ આયોગ કહે છે કે લગભગ ૨૫ કરોડ લોકો ગરીબી રેખાથી ઉપર આવી ગયા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજે બધા રામનું નામ બોલે છે.કોંગ્રેસ અમને કહે કે તમે રામના ચેમ્પિયન છો એટલે અમે કહીએ કે જે સમયે તમે અવરોધ ઊભા કરતા હતા એ સમયે ભાજપનો કાર્યકર કહેતો કે મારું જીવન રામને નામ. ઈન્ડિયા એલાયન્સનો એજન્ડા છે, મોદી હટાવો અને મોદી કહે છે કે ભારત આગળ વધે. ઈન્ડિયા એલાયન્સનો એજન્ડા પરિવાર બચાવો, પ્રોપર્ટી બચાવો અને ભ્રષ્ટાચારના આરોપોથી બચો.

## ગાંધીનગર જિલ્લા પંચાયતમાં બાલિકા સામાન્ય સભા યોજાશે, બાલિકાઓ પ્રમુખ સહિતના સભ્યોની કામગીરીથી વાકેફ થશે




આવતીકાલે ૨૪ જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રીય બાલિકા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે રાષ્ટ્રીય બાલિકા દિવસે ગુજરાત વિધાનસભા ખાતે પ્રથમ વખત તેજસ્વિની વિધાનસભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિધાનસભા ગૃહનું સમગ્ર સંચાલન દીકરીઓ દ્વારા કરાશે. એજ રીતે જિલ્લા તથા મહાનગરપાલિકા કક્ષાએ પણ તેજસ્વિની પંચાયતનું આયોજન કરાયું છે. જે અંતર્ગત જિલ્લા પંચાયતના ઈતિહાસમાં પ્રથમ વખત બાલિકા સામાન્ય સભા યોજાશે.રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે રાજયમાંથી ૧૩૦૦ બાલિકાઓ વિવિધ કાર્યક્રમમાં ભાગ લેવાની છે. જેને લઈને ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે પણ તેજસ્વિની પંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે જિલ્લા પંચાયતનો કાર્યભાર કિશોરીઓ દ્વારા ચલાવવામાં આવશે. એટલે કે, બાળકીઓ જિલ્લા પંચાયતના સભ્યોની માફક પ્રમુખ, ચેરમેન, સભ્યોની ભૂમિકામાં જિલ્લા પંચાયતની સામાન્ય સભાની કામગીરીથી અવગત થશે.

ગ્રામ પંચાયતથી લઈને વિધાનસભા સુધી મહિલાઓની ભાગીદારી વધે અને બાલિકાઓ સમગ્ર કાર્યપદ્ધતિથી વાકેફ થાય તે માટે સમગ્ર આયોજન કરવામાં આવ્યાં છે. ઉલ્લેખનિય છે કે, ગાંધીનગર જિલ્લામાં સૌ પ્રથમ દહેગામ તાલુકાના કડજોદરા ગામમાં બાલિકા પંચાયતની રચના કરવામાં આવી છે. જેમાં ૧૧ થી ૨૧ વર્ષની દિકરીઓને સરપંચ, ઉપસરપંચ, વોર્ડ સભ્ય બનાવવામાં આવી છે.




"ફરી એકવાર મોદી સરકાર" ના નિર્ધાર સાથે ઈડર તાલુકા શહેર મંડલ દ્વારા દિવાલ પર સૂત્રો લખવાનો પ્રારંભ જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલની ઉપસ્થિતમા યોજવામા આવ્યો આ કાયઁક્રમમા ઈડર તાલુકા ભાજપ પ્રમુખ પ્રેમલભાઈ દેસાઈ, મહામંત્રી રાજુભાઈ પટેલ, જિલ્લા અ.જા.મોરચા પ્રમુખ રાજેશભાઈ પરમાર, શહેર મહામંત્રી પિયુષભાઈ દવે તથા હોદ્દેદારો, મહિલા મોરચાના હોદ્દેદારો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા

## ૨૬મી જાન્યુઆરીએ 'ધોરડો: ગુજરાતના સરહદી પ્રવાસનની વૈશ્વિક ઓળખ'નું રાષ્ટ્રીય પરેડમાં પ્રદર્શન








ગુજરાતે તેના સામાજિક, રાજકીય, ઔદ્યોગિક અને સાંસ્કૃતિક વિકાસ થકી દેશને હંમેશા નવી દિશા ચિંધી છે. આ ઉપક્રમને બરકરાર રાખતાં ચાલુ વર્ષે રાજ્યના સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતાં ટેબ્લો ''ધોરડોઃ ગુજરાતના સરહદી પ્રવાસનની વૈશ્વિક ઓળખ" વિષય આધારિત ઝાંખીનું તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ નવી દિલ્હીના કર્તવ્યપથ પર આયોજિત પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં પ્રદર્શન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ધોરડોનો UNWTO: United Nations Wrold Tourism Organization™k Best Tourism Village યાદીમાં તાજેતરમાં જ સમાવેશ કરવામાં આવ્યો છે. આ સરહદી ગામ તેની ખમીરાઈ અને 'વિકસિત ભારત'ની પરિકલ્પનાને મૂર્તિમત કરવાની સાથે રાજ્ય અને દેશના સરહદી પ્રવાસનને ઉતેજન આપે છે.

## તંત્રી લેખ......

# તેલંગાણામાં બે સમુદાયો વચ્ચે તણાવ

તેલંગાણાના સંગારેડ્ડીના હથનુરા ગામમાં સોમવારે (૨૨ જાન્યુઆરી) મોડી રાત્રે બે સમુદાયો વચ્ચે વિવાદ થયો હતો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે અયોધ્યામાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે એક પક્ષે રેલી કાઢી હતી. આ દરમિયાન સામા પક્ષના ફળ વેચનારની દુકાનમાં આગ ચાંપવામાં આવી હતી.

આ પછી નરસાપુરાના સંગારેડ્ડી અને દૌલતાબાદ વિસ્તારના કોડાંગલમાં કોશગી જામા મસ્જિદમાં સ્થિતિ વણસી ગઈ. હોબાળાની માહિતી મળતા ભારે પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.એઆઈએમઆઈએમના પ્રમુખ અસદ ઓવૈસીએ આ ઘટના પર સાંગારેડ્ડી એસપી સાથે વાત કરી અને બદમાશો સામે કડક કાર્યવાહી કરવા જણાવ્યું.એઆઈએમઆઈએમના લોકો પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. વિસ્તારમાં ખળભળાટના સમાચાર મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. એઆઈએમઆઈએમ પ્રમુખે રંગારેડ્ડી એસપીને બદમાશો સામે કડક કાર્યવાહી કરવા જણાવ્યું છે

બીજી તરફ મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં બે જગ્યાએ અરાજકતા જોવા મળી હતી. હાલનો મામલો નવી મુંબઈના પનવેલ વિસ્તારનો છે. સોમવારે શિવસેના શિંદે જૂથ દ્વારા કાઢવામાં આવેલી બાઈક રેલીમાં ભાગ લઈ રહેલા લોકો પર હુમલો કરવામાં આવ્યો હતો.કેટલાક લોકો નવી મુંબઈના ખારઘરથી પનવેલ તરફ બાઈક પર શ્રી રામના ધ્વજ સાથે જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં કેટલાક અજાણ્યા લોકોએ તેના પર હુમલો કર્યો હતો. હુમલામાં ત્રણ લોકો ઘાયલ થયા હતા.અગાઉ, ૨૧ જાન્યુઆરીની રાત્રે, મુંબઈ નજીકના મીરા રોડ વિસ્તારમાં, બદમાશોએ રામના નામના ઝંડાવાળા વાહનો પર પથ્થરમારો કર્યો હતો અને ઉજવણી કરી રહેલા લોકોને માર માર્યો હતો.

# 'દીકરી' - અલ્પા મહેતા 'એક અહેસાસ'




અવનીનાં હદયમાં પણ દરિયાના મોજાંની સાથેસાથે બહુ ઊથલપાથલ થઈ રહી છે, ખારાં પાણીનો તરવરાટ તેનાં મનમાં પણ જાણે લાગ્યાં પર લૂણ ભભરાવ્યા જેવી પીડા દઈ રહ્યો છે.. અનિકેતને સદાને માટે પોતાનાથી દૂર કરવાનો નિર્ણય તેને મનમાં ને મનમાં ખૂબ આઘાત પહોંચાડી રહ્યો છે. અનિકેત સાથેની પહેલી મુલાકાત, દોસ્તી અને પછી પ્રેમ..! આ આખી મુસાફરી અવની ફરી એકવાર યાદ કરે છે. અનિકેતનું એ આછું આછું હાસ્ય, અનિકેતની આંખોમાં ઝલકતો તેનાં માટેનો પ્રેમ, જે દોસ્તીથી વિશેષ જતાવતો હતો, જેનાં માટે કોઈ પણ લાગણીશીલ યુવતી તેનું આખું જીવન હારી જાય, પણ અહીંયાં જીવન કોઈ અજાણ્યા શખ્સ માટે હારવાનું જ હતું સાથે અનિકેતને તો સદાને માટે હારવાનો હતો..

અવનીનાં પપ્પા પોતાની દીકરીની વ્યથા પામી ગયેલા કે દીકરી મારા મન ખાતર પોતાનું આખું જીવન કોઈ અન્યને સમર્પિત કરી રહી છે. શરણાઈનાં સૂર આખાં બનારસને પોતાની તરફ ખેંચી રહ્યાં છે. ઢોલ,ત્રાંસાંથી આખી નગરી ઝૂમી રહી છે. જાણે ધરતી,ગગન એક થઈ રહ્યાં હોય. કન્યાઓ દુલ્હાના મિત્રો સાથે હસી મજાક કરી રહી છે. વરકન્યા પક્ષ ઢોલનાં તાલ પર ઝૂમી રહ્યો છે. જાનનાં આગમન માટે વિશેષ તૈયારીઓ થઈ ગઈ છે . અત્તરનાં છંટકાવથી હવામાં સુગંધ પ્રસરી રહી છે. હસ્તમેળાપની ઘડી નજીક આવી ગઈ છે, અવનીને અનિકેતનો હાથ છોડી અજાણ્યાં પુરુષનો હાથ થામવાનો છે. અવની અને તેનો ભાવિ પતિ સામસામે વરકન્યાની જગ્યાએ બેઠાં છે. વચ્ચે એક રેશમી મલમલ કપડું બંનેની વચ્ચે ઝૂલી રહ્યું છે જે હસ્તમેળાપ પછી જ ખસેડવામાં આવે એવો રિવાજ છે. અવનીનાં હાથ ખૂબ જ ધ્રૂજી રહ્યાં છે. ઠંડા પડી રહ્યાં છે. પોતાનો હાથ હસ્તમેળાપ માટે ધીરેધીરે આગળ લઈ જાય છે, અવનીનાં પપ્પા આ દશ્ય જોઈ રહ્યા છે, વર પણ પોતાનો હાથ આગળ લઈ રહ્યો છે. ધીરેધીરે બંને હાથ એકબીજાંની એકદમ પાસે આવી જાય છે. અવનીનાં હદયમાં એક નાનો અમથો સ્પર્શ ઘણી બધી રક્તવાહિનીઓને સચેત કરી જાય છે અને સટાક કરતી ઊભી થઈ જાય છે. વરકન્યા પક્ષ સ્તબ્ધ થઈ જાય છે, અવની શું કરવા જઈ રહી છે ? અવની એ મલમલનું કપડું પૂરી તાકાતથી ઉઠાવી લે છે. એને સમજાતું નથી કે એ હકીકતમાં છે કે કોઈ સ્વપ્ન જોઈ રહી છે. એ પોતાનાં હાથ પર ચીમટો ભરીને પાક્કું કરે છે કે આ હકીકત જ છે અને પછી મંડપમાંથી દોટ મૂકી એના પપ્પા તરફ ભાગે છે. એનાં પપ્પા તરફ આંખોમાં સવાલ સાથે ઊભી રહે છે. આ પળે પણ એને પોતાનાં પપ્પાની આબરૂ, ઈજ્જતની જ પરવા છે અને પૂછે છે કે આમ કેમ, પપ્પા? કારણ કે હસ્તમેળાપ માટે અનિકેત જ મંડપમાં બેઠો હતો! તેનો એક નાનો અમથો સ્પર્શ અવની કળી ગઈ હતી. મંડપમાં અનિકેતને જોયાં પછી પણ એક પ્રેમિકાની જેમ ખુશીથી ઝૂમવાને બદલે એક દીકરી જે પપ્પાની આબરૂ, ઈજ્જતની પરવા કરી રહી છે અને પપ્પા ને પૂછી રહી છે કે આમ કેમ! પપ્પા જવાબ આપે છે કે તું મારા દિલનો ટુકડો છો, તારા દુઃખનો અનુભવ તારી સાથેસાથે મને પણ એટલો જ થાય છે, દીકરી. તું બિલકુલ ચિંતા નહીં કર, તારી ખુશીમાં જ મારી ખુશી છે. પૂરા સમાજ સમક્ષ એક દીકરીનો બાપ પહોળી છાતી, શિર ઊંચું રાખી પોતાના ભાવ વેરે છે કે દીકરીઓ પોતાનાં માબાપ માટે પોતાનું સમસ્ત જીવન ત્યજી દે છે અને એ જ સમાજ એની ખુશી કબૂલ નથી કરી શકતો. "આપણે સમાજથી નથી સમાજ આપણાંથી છે. દરેક નિયમો માણસને જકડી રાખવા માટે નહી, પરંતુ આઝાદ પંછી બની ઊડવા માટે પ્રેરણા પૂરી પાડે એવા હોવા જોઈએ."

અવની એનાં પપ્પાને ગળે વળગી ખૂબ રડે છે અને હોઠો પર મુસ્કાન લાવી રહી છે?. અનિકેત તો બાપ દીકરીનાં આ બિનશરતી પ્રેમને જોઈને એટલું જ કહે છે, "અવની તું અને તારા પપ્પાને હું જુદાં પડતાં નહીં જોઈ શકું એટલે

# કોઈની પાસે ડ્રોનવાળાનો નંબર હોય તો શેર કરવા વિનંતી છે!!

ગિરધરભાઈ. કોઈ ડ્રોનવાળા સાથે તમારે ઓળખાણ ખરી?'હું જાણે રોજ ડ્રોનમાં ઘરેથી બખડજંતર ચેનલની ઓફિસ અને ઓફિસથી ઘરે સાત ચાલીસની લોકલ ટ્રેનની માફક અપડાઉન કરતો હોઉં તેમ રાજુ રદીએ મને સવાલ પૂછ્યો.

' રાજુ. તારે કોઈ છોકરીનો એરિયલ વ્યુ લેવાનો છે? લગ્ન માટે ડ્રોઈંગરૂમમાં ઉભડક મને બેસીને છોકરી જોવાય. જરૂર પડયે એકાંતમાં વાત કરાય . ત્યારબાદ છોકરી ઓકે લાગે તો ગોળધાણા કે સગાઈ કરાય. છોકરીનો બાપ ડ્રોનને પાયલોટ છે??

'તમે મારા લગ્નની વાત પર ક્યારે મોટું ફૂલસ્ટોપ મુકશો??' રાજુએ બોરડી ઝંઝેડતો હોય તેવો કડવો કાંટાળો પ્રશ્ર પૂછ્યો. રાજુ આ સવાલથી નારાજ થાય છે. લગ્નનો સવાલ રાજુની દુખતી નસ છે!

' રાજુ જ્યારે તારી જાવ ઉધલી જશે અને તું નવોઢા લઈને ઘરે આવીશ પછી લગ્નનો સવાલ પડતો મુકી બાપ ક્યારે બનીશ તેમ પૂછીશ!' મે ઠંડા કલેજે રાજુને પ્રત્યુતર આપ્યો.

'ગિરધરભાઈ . આજકાલ ડ્રોનનું બહુ ચગ્યું છે. ફૂડ કેપની ફૂડની ડિલિવરી ડ્રોન મારફત કરે છે. ફાર્મા કંપની દવાની ડિલિવરી ડ્રોનથી કરે છે. આપણો પાડોશી દેશ ડ્રોન મારફત આતંકી હથિયારો આપણી સરહદે મોકલે છે. ડ્રોનનો ઉપયોગ વધતો જાય છે!' રાજુએ ડ્રોનાયણનો આરંભ કર્યો.

' રાજુ લોકોને પાયલોટ કહેડાવવાનો બહુ ઢઢો છે. આજકાલ તેજસ ટ્રેન અને વંદે ભારત ટ્રેનના ડ્રાઈવર ખુદને પાયલોટ કહે છે. અમારો નવઘણ છકડો બારેમાસ ચલાવે છે. શેરબજારના આખલાની જેમ છકડો ચલાવે છે. નવઘણ પોતાને તોફાની પાયલોટા કહેવડાવે છે. કયાં પેલેનનો પાયલોટ અને કયાં છકડાનો ડ્રાઈવર !પેટ્રોલ અને પાણી મિકસ ન થાય. પણ આ લોકો પાણી અને પેટ્રોલમ્કસ કરીને જ જંપે! જમીન પર રિમોટ કંટ્રોલથી ડ્રોન આપરેટ કરનાર

ડ્રોનમાં કોકપિટ ન હોય તો પણ ખાં સાહેબ પાયલોટ કહે છે. હવે હદ થાય છે!'અમે બળાપો કાઢ્યો !

ગિરધરભાઈ . ડ્રોન એટલે અમાનવ વિમાન ક્યારે શોધાયું હતું?' રાજુએ એકેડેમિક કવેશ્વન કર્યો.

'રાજુ . ડ્રોન આજકાલની શોધ નથી.સને ૧૮૪૯માં યુદ્ધ લડવા માટે માનવરહિત હવાઈ વાહનનો પ્રથમવાર ઉપયોગ નોધાયેલ છે. ઓસ્ટ્રિયન દળોએ વેનિસ શહેર પર બોમ્બ લોડ કરેલ ૨૦૦ બલૂન છોડેલ. પવનની દિશા બદલાઈ જતાં બધા બલૂનો નિષ્ફળ ગયેલ. ત્યારથી લઈને કરેમને 'છફ (ડ્રોન) ટેક્નોલોજીના સ્થાપક પિતા તરીકે ગણવામાં આવે છે. તેણે ઈઝરાયેલી વાયુસેના માટે યોમ કિપ્પુર યુદ્ધ દરમિયાન તેનું પ્રથમ ડ્રોન બનાવ્યું હતું.'મે ડ્રોનનો અથ થી ઈતિ રજૂ કર્યો.

' ગિરધરભાઈ . ડ્રોન વિમાન ૧૨ થી ૧૩ ફૂટ લંબાઈનાં હોય છે. તેનો પંખો ૨૦ફૂટ વ્યાસનો હોય છે. ૯ ફૂટ ઊંચું આ વિમાન ૧૫૦ કિલોમીટરની ઝડપઊંડે છે અને આસપાસના ૨૦૦ કિલોમીટરના વિસ્તારમાં હુમલા કરી શકે છે.નેનો, માઈક્રો,સ્મોલ,મિડિયમ અને લાર્જ એમ પાંચ પ્રકારના ૨૫૦ ગ્રામથી એક સો પચાસ કિલો વજનના ડ્રોન આવે છે. નેનો તેમજ માઈક્રો કેટેગરીના ડ્રોન તમે કોઈ પણ નોંધણી વિના ઉડાવી શકો છો. અને આવા ડ્રોનને તમે ૫૦ ફૂટ સુધી ની ઊંચાઈ પર ઉડાવી શકો છો. બીજા બધા માટે નોંધણી અને ઉડાવવાની પૂર્વ મંજૂરી જરૂરી છે.' રાજુ?એ ડ્રોનની માહિતી આપી.

'રાજુ. ભોજનની ડિલિવરી, વર્કસાઈટની ઉત્પાદકતા વધારવાથી લઈને અને સંરક્ષણ ક્ષેત્રની કાર્યક્ષમતા સુધી પાકની ઉપજ વધારવાથી, ડ્રોન ઑફર કરવાની સંભાવનાઓ અનંત છે. મોટી સંખ્યામાં ખેડૂતો ખેતરો માટે ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા. ૨૦૩૦ સુધીમાં કોમર્શિયલ ડ્રોનનો બિઝનેસ ૭૫ હજાર કરોડ સુધી પહોંચવાની સંભાવના છે છે. ડ્રોન બાબા કેમેરા વડે પાકના રોગનું નિદાન કરતા ડોકડર ડ્રોન પણ બની ગયા છે!' મેં કહ્યું .

' ગિરધરભાઈ લગ્ન, નવરાત્રીમાં ફોટોગ્રાફી માટે ડ્રોનનો ઉપયોગ થાય છે. અમદાવાદ રથયાત્રાનું નિયમન ડ્રોન મારફત કરેલ . ડ્રોનને આકાશમાં તોડી પાડવા એન્ટી ડ્રોન વપરાય છે. ડ્રોનનો ઉપયોગ ખેતરમાં દવા છાંટવા લગી બરાબર છે. પરંતું નદીની કોતરમાં દારૂ ગાળવાના સર્વેલન્સ, ગેરકાયદેસર ખનિજ ઉત્ખનન, વૃક્ષોની દેર કાયદે કત્લ પકડવા માટે હ્યુમન ફોર્સ છે તેનો ઉપયોગ કરવાની નૈતિક હિંમત દાખવવાના બદલે ડ્રોનનો ઉપયોગ અજુગતું લાગે છે!' રાજુએ ડ્રોનના ઉપયોગ પર આપતિ દર્જ કરી!

' રાજુ મહાનગરપાલિકા અને કોન્ટ્રેક્ટરોનો સૌનો સાથ સૌનો વિકાસનીતિને લીધે રોડ પર ખાડા છે કે ખાડા વચ્ચે રોડ છે, તેની ખબર પડતી નથી. રોડ પરના ખાડા શોધવા મેગ્નિફાઈંગ ગ્લાસ ,દૂરબીન, પેરિસ્કોપ, માઈક્રોસ્કોપ કે ટેલિસ્કોપ વાપરવાની જરૂર નથી. નરી આંખે સ્પષ્ટ દેખાય તેવા ખાડા અને ભૂવાની વણથંભી વણઝાર હોય છે. કેટલાક ખાડા તો હિરિટેજ ખાંડાનો દરજ્જો મેળવી શકે તેવા પ્રાચીનતમ છે. નાલંદા અને તક્ષશિલા વિધ્યાપીઠ સમયના ખાડા છે. આવા ખાંડાની શોધ માટે કોલંબસ, વાસ્કો ડી ગામાએ ખાડા શોધખોળ યાત્રા કાઢવાની જરૂર નથી! છતાં, મહાનગરપાલિકાએ શહેરમાં ઉભા થયેલા દબાણ,ગેરકાયદે પાર્કિંગ અને રખડતા ઢોર મામલે હવે ડ્રોનથી નજર રાખવાનો નિર્ણય કર્યો છે. તો પછી કમિશનરથી લઈને અધિકારીઓએ ચેમ્બરમાં બેસી રહેવાનો પગાર ખાવાનો ?? કવાઈમેકસ તો ત્યાં છે કે નવા બનતા રોડની કવોલિટી ચેક કરવા ઓવરસિયર , વર્કચાર્જ કારકુન,અમઈ, સુપરવાઈઝર, ઈજનેરો ધ્યાન રાખવાના બદલે શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ-રસ્તા બનાવવાની કામગીરી પર ચાંપતી નજર રાખવા માટે ડ્રોન મારફતે મોનીટરીંગ કરવા માટેની હિલચાલ હાથ ધરાઈ છે.! કામ ચોરી, આળસ , દિલદગડાઈને પ્રોત્સાહન આપવાની નીતિ છે!! ' મેં રાજુને નવી નીતિની જાણકારી આપી.

'ગિરધરભાઈ મને કોઈ ઓળખીતા ડ્રોન ડ્રોનવાળાનું એડ્રેસ આપો ને!' રાજુએ વિનંતી કરી.

' પણ તારે શું કામ છે?? મેં રાજુને પૂછયું.

' ગિરધરભાઈ આજકાલ વાંદરાનો ત્રાસ વધી ગયો છે. ઘરની છત પર કૂદકા મારે છે અને તોફાન મચાવ્યુ છે. ઘરના નળિયા પર વાંદરાઓએ સર્જિકલ સ્ટ્રાઈક કરી નળિયાંનો કડૂસલો, ખાત્મો કે બુકડો બોલાવી દીધો છે!!મારા ઘરના કેટલા નળિયા તૂટી ગયા છે તેનું ડ્રોન મારફતે એસેસમેન્ટ કરાવવું છે. જેંથી તૂટેલા નળિયા કાઢી નવા નળિયા લગાવી શકાય!' રાજુએ કાર્ડ ઓપન કર્યા!

હું ડ્રોનના પાયલોટની જેમ રિમોટ કંટ્રોલ લઈ આકાશમાં ઉડવા લાગ્યો!!

ભરત વૈષ્ણવ

# મુખ્યમંત્રી અને રાજ્યપાલ વચ્ચે અનેક પ્રકારની સૌજન્ય બેઠકો થાય છે,અમે ઈન્ડિયામાં જ છીએ

પટણા,તા.૨૩

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર મંગળવારે રાજભવન ગયા અને રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને મળ્યા. આ બેઠક પછી અટકળો શરૂ થઈ ગઈ કે શું નીતીશ કુમાર ફરી એકવાર પક્ષ બદલશે. શું નીતિશ ભારત ગઠબંધન છોડીને ફરી એકવાર ભાજપ સાથે જવા તૈયાર છે? જેડીયુના વરિષ્ઠ નેતા કેસી ત્યાગીએ સીએમ નીતીશના રાજ્યપાલ સાથેની મુલાકાત અને ગઠબંધન છોડવાની અટકળો પર પ્રતિક્રિયા આપી છે. કેસી ત્યાગીએ કહ્યું કે મુખ્યમંત્રી અને રાજ્યપાલ વચ્ચે અનેક પ્રકારની સૌજન્ય બેઠકો થાય છે. મેં તમારી ચેનલ પર જોયું કે આ બેઠક વાઈસ ચાન્સેલરની પસંદગી માટે પ્રસ્તાવિત હતી.આ દરમિયાન મુખ્યમંત્રી નીતિશ કુમાર આજે એટલે કે મંગળવારે અચાનક રાજભવન પહોંચ્યા અને રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર સાથે મુલાકાત કરી, જેના કારણે ચર્ચા વધુ ગરમ થઈ. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે વિપક્ષને એક કરવાના માહેર માનવામાં આવતા નીતીશ કુમાર ઈન્ડિયા એલાયન્સ સાથે સંબંધ ખતમ કરી શકે છે.પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝીએ ફરી રાજકારણમાં પરિવર્તનનો સંકેત આપ્યો છે. તેણે કહ્યું 'ખેલા હોબે'.એનડીએનો હિસ્સો એવા હિન્દુસ્તાની અવમ મોરચાના વડા જીતન રામ માંઝીએ મંગળવારે રાજ્યમાં 'ખેલા રમાઈ રહ્યો છે'નો ઈશારો કર્યો અને 'હોક્તો' પર લખ્યું, ભોજપુરીમાં કહેવાય છે, 'ખેલા હોખી', બાકી તમે પોતે જ છો. સમજદાર.×આ પહેલા પણ માંઝી રાજનીતિમાં પરિવર્તનના સંકેત આપી ચૂક્યા છે. તેમણે પોતાના ધારાસભ્યોને ૨૫ જાન્યુઆરી સુધી પટનામાં જ રહેવાની સૂચના આપી છે. બીજી તરફ નીતીશ કુમાર પણ સરકારી કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ રાજભવન પહોંચ્યા અને રાજ્યપાલને મળ્યા. આ દરમિયાન નીતિશ લગભગ ૪૦ મિનિટ સુધી રાજભવનમાં રોકાયા હતા.

# બંગાળમાં તૃણમૂલની જેમ બીજેપીને કોઈ સીધી ટક્કર આપી રહ્યું નથી : મમતા બેનર્જી



કોલકતા,તા.૨૩

લોકસભા ચૂંટણીને હવે લગભગ ૨ મહિના બાકી છે. જો ભાજપ સત્તામાં પાછા ફરવા માંગે છે, તો વિપક્ષી પાર્ટીઓ એક થઈને સત્તા કબજે કરવા માંગે છે. પરંતુ, વિપક્ષી પાર્ટીઓ 'ઈન્ડિયા'ના ગઠબંધનમાં સીટની વહેંચણીને લઈને ઝઘડો સમાપ્ત થઈ રહ્યો નથી. હવે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના વડા મમતા બેનર્જીએ કોંગ્રેસને બેઠક વહેંચણી અંગે સૂચનો આપ્યા છે. મમતા બેનર્જીએ કહ્યું છે કે કોંગ્રેસ ૩૦૦ લોકસભા સીટો પર ચૂંટણી લડી શકે છે. આ સાથે તેમણે કહ્યું છે કે અમુક ચોક્કસ વિસ્તારોમાં લડાઈનું નેતૃત્વ પ્રાદેશિક નેતાઓએ કરવું જોઈએ.

સર્વ ધર્મ સદભાવ રેલીમાં મમતા બેનર્જીએ કાફિરો પર કટાક્ષ કરતા કહ્યું કે હું અલ્લાહના સોગંદ ખાઈને કહું છું કે જો તમે ભાજપને સમર્થન કરશો તો તમને કોઈ માફ નહીં કરે. કોઈનું નામ લીધા વિના તેમણે વધુમાં કહ્યું કે અમે લડીશું અને ડરવાના નથી. જેઓ નાસ્તિક છે તેઓ ડરે છે. ભાજપને માફ કરશો નહીં, નહીં તો ભગવાન પણ માફ નહીં કરે.

હવે સવાલ ઉઠી રહ્યો છે કે શું પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસ વચ્ચે વાતચીત થશે? કારણ કે, મમતા બેનર્જીએ દાવો કર્યો છે કે બંગાળમાં તૃણમૂલની જેમ બીજેપીને કોઈ સીધી ટક્કર આપી રહ્યું નથી. આ સાથે તેમણે કહ્યું છે કે ડાબેરી પક્ષો વિપક્ષી ગઠબંધન 'ભારત'ના એજન્ડા પર નિયંત્રણ સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.મમતા બેનર્જી સીટોની વહેંચણીને લઈને નારાજ છે અને તેમણે અમુક વિસ્તારોમાં પ્રાદેશિક પક્ષોને વધુ સીટો આપવાનો આગ્રહ કર્યો છે. આ સાથે તેમણે કહ્યું કે કોંગ્રેસ એકલા હાથે ૩૦૦ લોકસભા સીટો પર લડી શકે છે અને તે આ માટે કોંગ્રેસને મદદ પણ કરશે. મમતા બેનર્જીએ કહ્યું કે હું તે બેઠકો પર ચૂંટણી નહીં લડું, પરંતુ તેઓ (કોંગ્રેસ) તેમની વાત પર અડગ છે. હવે જો કોંગ્રેસ મમતા બેનર્જીની વાત નહીં માને તો સીટ વહેંચણી પર વિવાદ થઈ શકે છે.

કોંગ્રેસના અધીર રંજન ચૌધરીએ મમતા બેનર્જીના સૂચન પર કહ્યું છે કે મમતા બેનર્જીની દયાથી અમે ચૂંટણી નહીં લડીએ. પોતાના દમ પર ચૂંટણી લડશે. અમને તેમની પાસેથી કોઈ મદદની જરૂર નથી. કોંગ્રેસ પોતાની તાકાતથી ટીએમસી અને બીજેપીને હરાવીને પોતાની સીટો કબજે કરશે. ન તો તે પહેલાં કર્યું હતું અને ન તો કરશે. તેનાથી ઉલટું, ૨૦૧૧માં મમતા કોંગ્રેસની દયા અને મદદથી સત્તામાં આવી.

ઈન્ડિયા એલાયન્સે લોકસભા ચૂંટણી માટે સીટોની વહેંચણી અંગે ચર્ચા શરૂ કરી દીધી છે, પરંતુ મોટાભાગના રાજ્યોમાં ઘટક પક્ષો વચ્ચે સીટોની વહેંચણી હજુ થઈ નથી. વિલંબને લઈને મમતા બેનર્જી પણ નારાજ છે. તેમણે કોંગ્રેસનું નામ લીધા વગર ટીકા કરી છે. મમતા બેનર્જીએ કહ્યું, 'મારી પાસે ભાજપ સાથે સ્પર્ધા કરવા અને તેમની સામે લડવા માટે તાકાત અને સમર્થનનો આધાર છે. પરંતુ, કેટલાક લોકો સીટ વિતરણ અંગે અમારી વાત સાંભળવા માંગતા નથી.

# શ્રીરામના ચરણોમાં જ અંતિમ શ્વાસ લીધો,૨૫ વર્ષથી હનુમાનજીનું પાત્ર ભજવતા હતા

ભિવાની,તા.૨૩

શ્રીરામલલ્લા પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે સોમવારે, હરિયાણાના ભિવાનીમાં રામલીલા દરમિયાન મંચ પર હનુમાનનું પાત્ર ભજવતા કલાકાર શ્રીરામના ચરણોમાં મૃત્યુ પામ્યો હતો. અભિનય કરતી વખતે તે કલાકારે એ બાળક ચરણોમાં અંતિમ શ્વાસ લીધા જેણે શ્રીરામનું પાત્ર ભજવ્યું હતું. બધાએ પહેલા તો તેનો અભિનય માનીને તાળીઓ પાડી. પરંતુ, જ્યારે થોડા સમય સુધી તેના શરીરમાં કોઈ હલનચલન ન થયું ત્યારે લોકોએ તેની નાડી તપાસી. બાદમાં તેને તરત જ ડોક્ટરો પાસે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો.

મૃત્યુ પામેલા કલાકારનું નામ હરીશ મહેતા છે. તે ૨૫ વર્ષથી રામલીલામાં હનુમાનજીનું પાત્ર ભજવી રહ્યો હતો. હરિયાણાના ભિવાનીમાં જવાહર ચોક ખાતે આ કાર્યક્રમ ચાલી રહ્યો હતો.

# મથુરામાં મંદિર બનવા સુધી એક જ દિવસ ભોજન કરીશ', રાજસ્થાનના મંત્રીએ સંકલ્પ લીધો

જયપુર,તા.૨૩

અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. હવે રાજસ્થાનના શિક્ષણ મંત્રી મદન દિલાવરે કહ્યુ કે જ્યાર સુધી ભગવાન કૃષ્ણની જન્મભૂમિ પર ભવ્ય મંદિરનું નિર્માણ નથી થઈ જતું ત્યાર સુધી તે દિવસમાં માત્ર એક જ વખત ભોજન કરશે. દિલાવરે કોટામાં પોતાના ચૂંટણી વિસ્તાર રામગંજ મંડીમાં એક સમ્માન સમારંભમાં આ વાત કહી છે.કિરોડીલાલ મીના, જે હવે રાજ્યના કેબિનેટ મંત્રી છે અને હજારો કાર સેવકો સાથે મળીને ૧૯૯૨માં ગેરકાયદેસર અટકાયત અને પોતાના સહયોગીઓ વિરૂદ્ધ હત્યાના ખોટા આરોપો વિરૂદ્ધ અયોધ્યામાં પ્રદર્શન કર્યું હતું. છ વખતના ધારાસભ્ય અને ત્રણ વખત મંત્રી રહેલા દિલાવરે ફેબ્રુઆરી ૧૯૯૦માં પણ સોગંધ ખાધા હતા કે જયાર સુધી અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ નથી થઈ જતું ત્યાર સુધી તે માળા નહીં પહેરે.

અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સમારંભ સમાપ્ત થયા પછી તેમના સમર્થકોએ ૩૪ કિલોની એક માળા અને ૧૦૮ ફૂટ લાંબી એક માળા ચઢાવી હતી. જોકે, દિલાવરે એમ કહેતા માળા પહેરવાનો ઈનકાર કર્યો કે તે ત્યારે જ પહેરશે જયારે તે ૩૧ જાન્યુઆરીએ અયોધ્યામાં મંદિરના દર્શન કરશે.

મહત્ત્વપૂર્ણ છે કે ફેબ્રુઆરી ૧૯૯૦માં દિલાવરે એવા પણ સોગંધ ખાધા હતા કે જયાર સુધી જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ ખતમ નથી થઈ જતી ત્યાર સુધી તે બેડ પર નહીં ઉંઘે

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**N0G SS NO 166**
વિષયઃ- "રાજ ધર્મ અને સત્તા"
શિર્ષક :- " રાજધર્મની પવિત્રતા"
પ્રકારઃ-પદ્ય
શબ્દોઃ- ૧૦૮
નામઃ- ધનજીભાઈ ગઢીયા" મુરલી" (જુનાગઢ)

કાવ્ય રચના
========
કુશળ રાજવી એ જ છે કે જે,
રાજ્યના વિકાસમાં સદા તત્પર છે,
પોતાની સત્તાનો સદુપયોગ કરીને તે,
અરાજકતાને હમેશા અટકાવે છે.

વહિવટમાં જયાં ભ્રષ્ટાચાર છે તેને,
નાબુદ કરવા હમેશા ઉત્સુક છે,
ગરીબ હોય કે ધનિક હોય સૌને તે,
સાંભળીને યોગ્ય ન્યાય આપે છે.

ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે તે,
સજાગ રહીને હમેશા કાર્યરત છે,
સત્તાનો દુરુપયોગ કરનારાઓને તે,
કાયદાના કડક પાઠ ભણાવે છે.

પાખંડીઓ અને મતલબી લોકોને તે,
લાલ આંખ કરી નિયંત્રણમાં રાખે છે,
રાજધર્મની પવિત્રતા જાળવીને "મુરલી",
રામ રાજ્યની સ્થાપના કરાવે છે. .
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***
★વિષયઃ-રાજધર્મ અને સત્તા★
★શિર્ષક;-એક સિક્કાની બે બાજુ★
★પ્રકારઃ- ગદ્ય - શબ્દઃ- ૧૬૨★
★નામઃ- નરેન્દ્ર ત્રિવેદી★

રાજધર્મ અને સત્તા એક સિક્કાની બે બાજુ છે. સત્તા સાથે રાજધર્મ જોડાયેલો છે. સત્તાનો ઉપયોગ કરવો સરળ છે પણ રાજધર્મ નિભાવવો બહુ અઘરો છે. આપણે ભૂતકાળમાં ઝાંખશું તો જાણવા મળશે કે જ્યારે જ્યારે સત્તા વ્યક્તિ કે શાસક પર હાવી થઈ જાય છે ત્યારે રાજધર્મ વામણો પુરવાર થાય છે. અને મળેલી પ્રસિદ્ધિનું ધોવાણ થઈ જાય છે.

રાજધર્મ એટલે પોતાને જે સત્તા આપવામાં આવી છે. શાસન માટેની જવાબદારી સોંપવામાં આવી છે તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો પણ આપણે જાણીએ છીએ અને ઈતિહાસમાં ઘણા દાખલાઓ મળે કે સત્તા નો મદ ચડતા રાજધર્મ ભૂલાય જાય છે. સાથે સાથે રાજધર્મને જાળવવા માટે પોતાના સંતાન માટે આકરા નિર્ણય લેતા રાજાઓ અને વ્યક્તિઓ નામ પણ ઈતિહાસને ઉખેળતા અનેક નામ જોવા મળે છે એટલે જો વ્યક્તિમાં રાજધર્મ પ્રત્યે નિષ્ઠા અને સત્તા નું શાણપણ હોય તો બંને સાથે નિભાવવું.અઘરું કે અશક્ય નથી.

ટૂંકમાં જોઈએ તો રાજધર્મ અને સત્તા કરવત છે જે આવતા અને જતા બંને સમયે વેરે. વ્યક્તિ કે સત્તા ધારીને ખાંડાની ધાર પર ચાલવા જેવી સ્થિતિ હોય છે. આપણામાં કહેવત છે એમ રાજધર્મ અને સત્તા નો સમન્વય એ કઈ નાની માના ખેલ નથી કે સરળતાથી સાથે સાથે નિભાવી શકાય. આ માટેના આપણને મહાભારત અને રામાયણમાં દાખલા મળે છે. રામાયણમાં રાજા દશરથ રાજા હોવા છતાં કૈકૈયને આપેલ વચન નિભાવવા પોતાનો રાજધર્મ બજાવે છે. જ્યારે મહાભારતમાં દુર્યોધન સત્તા નું અને પાંડવો રાજધર્મનું પ્રતિક છે. તો ભીષ્મ પિતા બંનેના સમન્વયનું પ્રતિક છે. જવાબદાર વ્યક્તિએ રાજધર્મ અને સત્તા નો ઉપયોગ વિવેક બુદ્ધિથી જ કરવો પડે છે.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NGG SS NO:209**
વિષયઃ રાજધર્મ અને સતા
શિર્ષકઃ પવિત્ર ફરજ
શબ્દો : ૧૩૫
લેખિકા : સુધા જે. પુરોહિત

રાજધર્મ અને સતા

ફરજપાલન જ બનતો,સાચો રાજધર્મ
પાલન કરે પ્રજાનું,છે એ સાચો રાજધર્મ
ન્યોચ્છાવર પ્રાણ,કરે માતૃભૂમિ ને કાજ
ન લાલચ સતાની,નિભાવે સાચો રાજધર્મ

ભારતભૂમી બની ધન્ય,મળ્યો સપૂત સાચો
ન ફિકર પરિવારની,બજાવ્યો રાજધર્મ સાચો
જગને શીખવ્યો શું હોય?,સાચો રાજધર્મ
માતૃભૂમિનું મસ્તક થયું ઉન્નત,બજાવ્યો ધર્મ

ન લાલચ સતાની,ન કરે દૂર ઉપયોગ સતાનો
જનજન હ્દયપરકરે રાજ,નિભાવ્યો રાજધર્મ
બનીને રામ આવ્યો,બન્યો તારણહાર સૌનો
વિશ્વ સારું નમન કરે,જાણે સૌ સાચો રાજધર્મ

સતાનાં લાલચી સૌ કોઈ,ન મળે આવો કોહીનૂર
જનનીનું થયું મસ્તક ઉંચું,જોઈને સાચો રાજધર્મ
શીખવે ત્યાગ જગને,જાણો કોણ છે એ સપૂત
હીરાબાનો લાલ એ,નરેન્દ્ર મોદી,નિભાવ્યો ધર્મ

કરે પ્રણામ'સુધા'સાચા સપૂતને,નિભાવ્યો રાજધર્મ
આ સંત છે,ન કરે ધારણ ભગવા,બજાવે સાચોધર્મ
સમજાવે કરે આચરણ,સતા લઈ હાથમાં નિભાવે ધર્મ
રાજધર્મ હોય કે સતા,રહે મર્યાદામાં નિભાવે રાજધર્મમ
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 161**
વિષય : રાજધર્મ અને સત્તા
શિર્ષક : શ્રીરામનો ન્યાય
પ્રકાર : ગદ્ય - શબ્દો : ૨૦૩
લેખન : ગ્રીષ્મા પંડ્યા

★રચના....... શ્રીરામનો ન્યાય

આ વિષય ઉપરના આલેખન માટે વિચારોનાં ઘોડાં વાયુવેગે મારાં અંતરમનમાં પ્રવેશવા લાગ્યાં. સૈકાઓ પૂર્વનો ઈતિહાસ આંખ આગળ આવીને તરવરવા લાગ્યો. રાજા રજવાડાઓનો ત્યારે જમાનો હતો. બહારથી દેખાવ કેટલો જાહોજલાલીથી ભરપૂર દેખાતો ! દાસ દાસીઓ આગળપાછળ હોય, દરબાર ભરાયો હોય, જેણે સારું કાર્ય કર્યું હોય તેને રાજા ખૂબ ખુશ થઈને સોનામહોર આપતા અને તેની દરિદ્રતા દૂર થઈ જતી. પણ.....

અંદરખાને જોવા જઈએ અને રાજાના અંગત જીવનમાં ડોકિયું કરીએ તો નજરમાં આવે કે રાજાને મળેલ શાસન માટે, લોકોએ મૂકેલા વિશ્વાસની સામે કેવી રીતે ટકી રહેવું એની રાત દિવસ ચિંતા સતાવ્યા કરે. હંમેશા પ્રજાને ન્યાય આપવા તત્પર રહેવું પડે. પ્રજાના રક્ષણ માટે હંમેશા સાબદા રહેવું પડે. રાજધર્મ અને મળેલી સત્તાનો દુરૂપયોગ ના થવો જોઈએ..... વગેરે વગેરે..

શ્રીરામે ફક્ત એક સામાન્ય ધોબીની શંકાથી સીતાજી ને વનમાં મૂકી આવવાનું ફરમાન કર્યું. જો તેમણે ધાર્યું હોત તો આ ક્ષણે તેમને? મળેલી સત્તાનો ઉપયોગ તેઓ કરી શક્યા હોત. ધોબીની બોલતી બંધ કરી શક્યા હોત! પરંતુ એમણે રાજધર્મને મહત્વ આપ્યું, નહીં કે મળેલી સત્તાને!

આમ, સાચો શાસક એ જ છે કે જે નગરની સંસ્કૃતિની ધરોહરને વળગીને પ્રજાને ન્યાય અને રક્ષણ આપવા માટે હંમેશા સાબદા રહે. અસ્તુ!
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S NO. 215,**
વિષય : રાજધર્મ અને સત્તા,
શીર્ષક : રાજધર્મ એ, જે દબાવે ઝૂકે નહીં,
વિભાગ : પદ્ય, શબ્દ : ૭૮.
નામ : શ્યામ ગોયાણી (શિવેન્દ્રનગર)

સત્તા આવે છકે નહીં, મદમાં કદી બકે નહીં,
કામ કરે જે જનતાનાં, ફરજ કદી ચૂકે નહીં.

ધર્મ સાચો એ, જે દિન દુઃખીઓની સેવા કરે,
રાજધર્મ સાચો એ, જે દબાવે કદી ઝૂકે નહીં.

રાજા હોય કે સત્તાધીશ, પ્રમુખ હોય કે પિતા,
સંજોગો ગમે તે આવે, પોતાનું કાર્ય મૂકે નહીં.

પ્રજા સાથે પક્ષપાત કરે એવો, પ્રધાન નકામો,
ખરો નેતા એ જ જે, રાષ્ટ્રની સંપત્તિ ફૂંકે નહીં.

ન્યાયમાં પારંગત 'શ્યામ' પ્રતિનિધિ એ સાચો,
રાજવી એ જ, આમ જનતાનું ગળું ટૂંપે નહીં.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 184**
વિષય :- રાજધર્મ અને સત્તા
શિર્ષક :- 'પરખ'ગીતમાં રાજધર્મ છલકાય
પ્રકાર :- પધ - શબ્દ :- ૧૭૬
નામ :- હસમુખ બી . પટેલ 'હર્ષ' 'પરખ'

જ્યારે જ્યારે સત્તામાં મદમસ્ત બની અન્યાય કરી કોઈ જુલમી શાસક તોરમાં મલકાય;
ત્યારે ત્યારે ભાર સહન થાય ત્યાં સુધી સહે ધરા પણ પછી આવો શાસક કેવો પટકાય.

ગુરુ, ચાણક્ય, વિદ્વાનોએ ઘડ્યા છે નિયમો રાજધર્મના પાલન કરવાની રીતિ નીતિના;
પણ આચરણ જો બદલાય તો ઈતિહાસના પાને પાને દાખલા છે આવી સત્તા કેવી લટકાય!

રજવાડાના રાજાઓ રુઆબ અને રોફ રાખતા, પણ રૈયતની ખુશી માટે સતત જાગરણ કરતા;
આજના સત્તાધીશો દેશને અકારણ યુધ્ધમાં જોતરે પછી પ્રજાના માથે દેવાના ડુંગર ખડકાય.

પ્રગતિના નામે માત્ર અંગત સ્વાર્થ સાધી વિશ્વના શાસકો આજે હોડ હરિફાઈમાં ઊતરી રહ્યા છે;
પ્રજાકલ્યાણને ભૂલીને પકડ્યો આતંકવાદ ને અણુબોંબનો રસ્તો, દેશ આખો ભટકાય.

સાચો રાજધર્મ તો છે પ્રેમની પાવક જ્યોતથી માભોમ મહીં સેવાની ચિનગારી પ્રગટાવવાની;
સત્તા જો ભટકે આ માર્ગ પરથી
તો 'હર્ષ' રચે એવી કૃતિ જેના થકી
રાજધર્મ ફરી વખણાય.

કર્મના કૌવતથી ધર્મધજા ફરકાવી મોહમાયા વગર જનકલ્યાણનો ભેખ ધરવો એ જ સત્તા;
'પરખ'ગીત પ્રગટે જો વિનીતભાવ વિજયમાં તો સત્તાના આ રાજધર્મમાં માનવપ્રેમ છલકાય.

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૨૧ અને ચાંદીમાં રૂ.૯૭નો સુધારોઃ ક્રૂડ તેલ રૂ.૬૪ નરમ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે રૂ.૧૮,૯૮૨.૩૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫,૮૩૦.૫૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૩૧૪૬.૦૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૯૦૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૨૨૪ અને નીચામાં રૂ.૬૧,૯૦૪ના મથાળે અથડાઈ, રૂ.૨૨૧ વધી રૂ.૬૨,૦૮૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૭ વધી રૂ.૫૦,૦૬૮ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ વધી રૂ.૬,૦૮૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૩ વધી રૂ.૬૨,૧૧૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૦,૭૫૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૧૯૦ અને નીચામાં રૂ.૭૦,૭૩૧ના મથાળે અથડાઈ, રૂ.૯૭ વધી રૂ.૭૦,૯૧૩ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭૭ વધી રૂ.૭૧,૦૩૨ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭૮ વધી રૂ.૭૧,૦૫૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ જાન્યુઆરી વાયદો રૂ.૭૧૬.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧.૪૫ વધી રૂ.૭૧૬.૩૦ જ્યારે એલ્યુમિનિયમ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૫ વધી રૂ.૧૯૭.૬૦ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ કોઈ ફેરફાર વગર રૂ.૧૮૧ના ભાવ થયા હતા. જસત જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૫ વધી રૂ.૨૨૧ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૪૦ વધી રૂ.૧૯૭.૭૫ સીસુ-મિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૧૮૦.૫૫ જસત-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧.૫૫ વધી રૂ.૨૨૧.૦૫ બોલાઈ રહ્યો હતો. સ્ટીલ રિબાર ફેબ્રુઆરી ૧ ટન દીઠ રૂ.૧૫૦ ઘટી રૂ.૪૬,૬૦૦ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૨૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૨૫૫ અને નીચામાં રૂ.૬,૨૦૦ના મથાળે અથડાઈ, રૂ.૬૪ ઘટી રૂ.૬,૨૦૧ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫૫ ઘટી રૂ.૬,૨૦૭ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૨ના ભાવે ખૂલી, રૂ.૨ ઘટી રૂ.૨૦૦.૮૦ અને નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો ૧.૮ ઘટી ૨૦૦.૯ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૪૦૦ અને નીચામાં રૂ.૫૫,૨૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૦૦ વધી રૂ.૫૫,૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭ ઘટી રૂ.૯૧૧.૪૦ બોલાયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૪૬.૩૫ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૬૯૫.૧૮ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૨૧૦.૨૩ કરોડનાં ૮,૫૩૬ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૪૮૧.૪૭ કરોડનાં ૨૭,૧૯૪ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૨૧.૪૩ કરોડનાં ૩,૪૭૧ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૫.૭૧ કરોડનાં ૭૩૯ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૫૨૯.૯૧ કરોડનાં ૨,૯૪૬ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૫૮.૫૭ કરોડનાં ૪,૯૭૯ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨૧.૦૫ કરોડનાં ૭૮ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૧૬.૦૮ કરોડનાં ૪૮૬ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૫.૭૬ કરોડનાં ૭૨ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૪૫ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૯૫૯ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૪૫ અને નીચામાં ૧૫,૯૫૯ બોલાઈ, ૮૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૦ પોઈન્ટ વધી ૧૬,૦૦૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૩૧૪૬.૦૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૪૩.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૭૪.૯૦ અને નીચામાં રૂ.૩૩૪ના મથાળે અથડાઈ, રૂ.૪૧.૧૦ ઘટી રૂ.૩૩૬.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૨૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૦.૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૦.૦૫ અને નીચામાં રૂ.૦.૦૫ રહી, અંતે કોઈ ફેરફાર વગર રૂ.૦.૦૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૬૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૬ અને નીચામાં રૂ.૧૧ના મથાળે અથડાઈ, રૂ.૪.૫૦ ઘટી રૂ.૧૮.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૬૧,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૧૦ અને નીચામાં રૂ.૫૫૦ રહી, અંતે રૂ.૨૨૬ વધી રૂ.૭૧૦ થયો હતો.

ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૯૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૫.૫૦ વધી રૂ.૫૫૭ થયો હતો, જ્યારે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૭૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨૪૮.૦૦ના ભાવે ખૂલી, રૂ.૪૪ વધી રૂ.૨૫૪ થયો હતો. તાંબુ ફેબ્રુઆરી રૂ.૭૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૦૩ વધી રૂ.૮ જસત ફેબ્રુઆરી રૂ.૨૨૨.૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૫ વધી રૂ.૪.૩૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૦૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૫.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬૧.૧૦ અને નીચામાં રૂ.૧૪૩.૮૦ના મથાળે અથડાઈ, રૂ.૨૨.૭૦ વધી રૂ.૧૫૮.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૨૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૮.૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૫૧.૬૫ અને નીચામાં રૂ.૪૬.૬૦ રહી, અંતે રૂ.૧.૯૦ વધી રૂ.૪૯.૬૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૬૨,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૦.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫૦ અને નીચામાં રૂ.૪૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૯૬.૫૦ ઘટી રૂ.૪૬૫ થયો હતો, જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૬૧,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૨.૫૦ અને નીચામાં રૂ.૩૧ રહી, અંતે રૂ.૨૨.૫૦ ઘટી રૂ.૬૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૪૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૩ ઘટી રૂ.૧,૫૫૨.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૨૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૮ ઘટી રૂ.૧,૫૪૧.૫૦ થયો હતો.

# સુરતના વરાછા રોડ પર આવેલ મેલડી માતાજીના મંદિરે શ્રીરામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ને લઈ ભવ્ય આયોજન કરાયું.



તારીખ ૨૨/૦૧/૨૦૨૪ ને સોમવાર ના રોજ સુરત શહેરના આંગણે ત્રિકમ નગરમા વરાછારોડ પર આવેલુ શ્રી ગુરૂકૃપાના ગોખવાળી, આધ્યશક્તિ સ્વરૂપ, રાજ રાજેશ્વરી, શ્રી મેલડી માઁ મંદીરે અયોધ્યા નગરીમાં શ્રી રામ મંદીરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ઐતિહાસિક દિવસ નિમિત્તે શ્રી મહામાયા મેલડી માઁ ના સાનિધ્યમાં તથા સદ ગુરૂદેવશ્રી શ્રી ૧૦૦૮ શક્તિ પીઠાધિશ્વર પરમ પૂજ્ય માડીશ્રી ના માર્ગદર્શન અને આશિર્વાદથી સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ કલાકે શ્રી રામધૂન અને સાંજે ૭ :૦૦ કલાકે દિવડા તેમજ મશાલ દ્વારા શ્રી રામચંદ્ર ભગવાનની મહાઆરતી નુ ભવ્ય આયોજન કરવામા આવ્યુ હતુ.આ ઐતિહાસિક દિવસ નિમિત્તે શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મેલડી માઁ મંદીરે અને મંદીરના પરિસરમા શ્રી રામચંદ્ર ભગવાનની અનેક ધજાઓ લહેરાવામા આવી હતી તેમજ મંદિરના પરિસરને આસોપાલવના તોરણથી શણગારી રંગબેરંગી કલરથી રંગોળી પૂરી શુશોભીત કરવામા આવ્યો હતો. શ્રી રામધૂન ના શુભ પ્રસંગે સર્વ પ્રથમ સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી એ શ્રી રામચંદ્ર ભગવાનને કંકુ ચંદનના તિલક કરી ફૂલહાર પહેરાવી પૂજા કરી હતી ત્યાર પછી આ શુભ પ્રસંગે પધારેલ ભજનીક દ્વારા અને શ્રી રામ ભક્તો દ્વારા શ્રી રામચંદ્ર ભગવાન ના ભજન કિર્તન તેમજ રામધૂન કરવામા આવી હતી જેનાથી સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી તથા પધારેલ સર્વ રામભક્તો શ્રી રામચંદ્ર ભગવાનની ભક્તિના રંગે રંગાઈને ઝુમી ઉઠ્યા હતા અને આખુ વાતાવરણ રામમય બની ગયુ હતુ.શ્રી રામધૂન અને ભજન કિર્તન પછી સહુ કોઈ રામભક્તોએ શ્રી રામચંદ્ર ભગવાનના તથા સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી ના દર્શન કરીને આશિર્વાદનો લાભ લીધો હતો અને પછી ભોજન પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મેલડી માઁ મંદીરના પરિસરમાં સાંજે ૭:૦૦ કલાકે સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી તથા શ્રી રામ ભક્તો દ્વારા ૫૧ મશાલ અને ૧૦૮ દિવડા પ્રગટાવીને શ્રી રામચંદ્ર ભગવાનની મહાઆરતી કરવામા આવી હતી.આ શુભ પ્રસંગે સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી તથા સર્વ શ્રી રામભક્તો એ હાથમા મશાલ લઈને વાજતે ગાજતે શ્રી રામચંદ્ર ભગવાનની પરિક્મા કરી હતી.સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી એ સર્વ ભક્તોને શ્રી રામચંદ્ર ભગવાન ની ભક્તિનો મહિમા સમજાવ્યો હતો અને સર્વ ભકતોને શુભ આશિષ આપ્યા હતા ત્યારબાદ શ્રી મેલડી માઁ મંદીરે પધારેલ સહુ કોઈ ભાવિક ભક્તો એ શ્રી રામચંદ્ર ભગવાનના ભજન કિર્તન કર્યા હતા અને પછી મહાપ્રસાદનો લાભ લીધો હતો.

નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ

# રામનામ લેખન બેંક રામ કુટીર બામણા પુનાસણ ખાતે હવન પુજા અર્ચના નું આયોજન......

શ્રવણ સુખધામ સંસ્થા રામનામ લેખન બેંક દ્વારા રામ કુટીર ખાતે હવન પુજા અર્ચના આરતી નું આયોજન સંધ્યા સમયે કરવામાં આવ્યું આ પર્વે એ ભગવાન શ્રી રામ ની ફોટો પ્રતિમા ને રામ ઝુંપડી એ બિરાજમાન કરી તુલશી કયારા અને રામ નામ મંત્ર લેખનની બુકો નું વિતરણ કરવામાં આવ્યું સમગ્ર રામ કુટીર ને દિવડાઓ ની રોશની કરી શણગારવામાં આવી હતી રામનામ ને ૧૦૮ દિવડાઓ થી લખવામાં આવ્યું હતું પુજા અર્ચના નાં યજમાન પદે ઠાકોર સાહેબ શ્રી ના દિકરા (લાલુબાપુ)અને ત્રૃતવીજ ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા હવન પુજા અર્ચના નાં શાસ્ત્રી તરીકે હિમેશ ભાઈ શાસ્ત્રી મુંબઈ એ દિપ પ્રાગટય કરી સમગ્ર કાર્યક્રમનું આયોજન પોતાના હસ્તે ખુલ્લુ મૂક્યું હતું....

રીપોર્ટ ..અહેવાલ....

હિરેન પ્રજાપતિ અરવલ્લી સાબરકાંઠા




# ગાંધીનગરમાં આધુનિક લેસર પદ્ધતિથી એન્જિયોપ્લાસ્ટીનું સફળ ઓપરેશન

ગાંધીનગરના કુડાસણની જીઝછૈં સુપર મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં ગુજરાતના ઈતિહાસમાં સૌપ્રથમ વખત અત્યાધુનિક પદ્ધતિથી ૬૬ વર્ષીય દર્દીની લેસર એન્જિયોપ્લાસ્ટીનું સફળ ઓપરેશન ઁસ્ત્નરૂ યોજના અંતર્ગત કરવામાં આવ્યું છે. ડૉ. બોની ગજ્જર દ્વારા અત્યાધુનિક લેસર ટેકનોલોજીથી પીડિત દર્દીનાં હ્રદયમાં ૮૦થી ૯૦ ટકા લોહી પહોંચાડતી આગળની મુખ્ય નળીનું ઓપરેશન કરવામાં આવ્યું છે, જે ગાંધીનગર માટે ગૌરવની વાત છે.ગાંધીનગરના કુડાસણ સ્થિત જીઝછૈં સુપર મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં અદ્યતન લેસર ટેક્નિકથી હ્રદયની એન્જિયોપ્લાસ્ટીનું ઓપરેશન કરવામાં આવ્યું છે. આ અંગે એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટી અને બાયપાસ સર્જરી નિષ્ણાત ડૉ. બોની મહેન્દ્રભાઈ ગજ્જરે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં કહ્યું હતું કે ગુજરાતમાં સૌપ્રથમ વખત ૬૬ વર્ષના દર્દીની લેસર ટેક્નિકથી સફળ એન્જિયોપ્લાસ્ટી સર્જરી કરવામાં આવી છે.દર્દીને છાતીમાં દુખાવો પછી પરિવારજનો ઘરની નજીકની મોટા ચિલોડા ખાતેની સ્થાનિક હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબે દર્દીનું મેડિકલ ચેકઅપ કરતાં હાર્ટ-એટેકનાં ચિહ્નો હોવાનું નિદાન થયું હતું,



# અયોધ્યામાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાએ ગાંધીનગરમાં ૬૦થી વધુ બાળકો અવતર્યા



ગાંધીનગર : અયોધ્યા રામ મંદિરમાં ભગવાનની સ્થાપના થઈ ગઇ છે ત્યારે સોમવારે આ શુભ દિને અને આ શુભ મુહૂર્તને યાદગાર બનાવવા માટે ઘણી સગર્ભા મહિલાઓ કે જેમને નવ મહિના પુરા થઈ ગયા હોય તેમના દ્વારા આજના દિવસે ડિલીવરી કરાવવાનો ઉત્સાહ જોવા મળતો હતો. ગાંધીનગરમાં જાન્યુઆર માસમાં સામાન્ય સંજોગોમાં જેટલી ડિલીવરી થાય છે તેના કરતા ૩૦થી ૪૦ ટકા જેટલી પ્રસુતિ આજે વધી હતી અને કુલ ૬૦થી પણ વધુ બાળકો આજના દિવસે અવતર્યા હતા.રામજીના જન્મ સ્થળ અયોધ્યામાં હર્ષોલ્લાસ સાથે ભગવાન રામલલ્લાની વિધીવત પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે ત્યારે આજના શુભ દિને પ્રસુતિ કરાવવા માંગતી ગર્ભવતી મહિલાઓમાં પણ ડિલીવરી કરાવવા માટે હોડ લાગી હોય તેમ લાગતું હતું. અગાઉથી જ સિઝરીયન પ્લાન કરીને અભિજીત મુહૂર્તમાં બાળકનો જન્મ થાય તે પ્રકારે ગાયનેકોલોજીસ્ટ પાસે એપોઇન્ટમેન્ટ લેવામાં આવી હતી ત્યારે આજે ગાંધીનગરમાં સરેરાશ કરતા ૨૦ જેટલી ડિલીવરી વધી છે. સામાન્ય સંજોગોમાં શહેર અને જિલ્લામાં જાન્યુઆરી માસમાં રોજન ૩૫થી ૪૦ ડિલીવરી થાય છે જ્યારે આજે રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાના શુભ દિવસે ગાંધીનગર શહેરમાં ૨૭ જેટલી જ્યારે સમગ્ર જિલ્લામાં ૬૦થી વધુ બાળકોનો જન્મ થયો છે. ગાંધીનગર સિવિલના ગાયનેકોલોજીસ્ટ ડો. રાકેશ પટેલે જણાવ્યું હતું. સોમવારે સાંજ સુધીમાં ૧૧ ડિલીવરી કરાવવામાં આવી છે. જેમાંથી ૭ નોર્મલ છે જ્યારે પાંચ સિઝેરીયન કરવી પડી છે. આ ઉપરાંત નગરની ખાનગી હોસ્પિટલો તથા નસ'ગ હોમમાં પણ આજે અભિજીત મુહૂર્ત એટલે કે, બપોરે ૧૨:૧૧થી ૧૨:૫૪ દરમ્યાન ડોક્ટરો વ્યસ્ત રહ્યા હતા અને આ દરમ્યાન ડિલીવરી વધુ થઇ હતી.

# રિદ્ધિ સિદ્ધિ માધ્યમિક કન્યા છાત્રાલય-આંબાબારી ખાતે શ્રી રામ અને માતા સીતાજીની મુર્તીનું સ્થાપન કરાયું



ભગવાન શ્રી રામની જન્મભૂમિ અયોધ્યા ખાતે યોજાયેલા ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની સાથે, તે જ દિવસે અને એ જ મુહૂર્તમાં, વનવાસી વિકાસ મંડળ-વઘઇ સંચાલિત રિદ્ધિ સિદ્ધિ માધ્યમિક કન્યા છાત્રાલય-આંબાબારી ખાતે, સુરત એથર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના શ્રી દિપકભાઇ મહેતા દ્વારા ભગવાન શ્રી રામ અને માતા સિતાજીની મુર્તીની શાસ્ત્રોક્ત પૂજાવિધી સાથે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ પ્રાણ પ્રતિષ્ઠાને લઈને હોસ્ટેલ કેમ્પસ રામમય બની ગયું હતું. ભગવાન શ્રી રામ અને માતા સિતાજીની મુર્તીના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં મંડળના પ્રમુખ શ્રી મહેરનોશ મિરઝા, મંત્રી શ્રી કલ્પેશભાઈ પટેલ, આશ્રમશાળા-સિતાપુરના આચાર્ય શ્રી રિતેશ પટેલ, નવચેતન હાઈસ્કુલ-ઝાવડાના શ્રી અશોકભાઈ, આંબાબારી કુમાર છાત્રાલયના ગૃહપતિ શ્રી શાંતિલાલભાઈ સહિત છાત્રાલયની બાળાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

કન્યા છાત્રાલયના ગૃહમાતા કુસુમબેન પટેલ સાથે હોસ્ટેલની બાળાઓ, અને સ્ટાફે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# કેનેડા માં બેબી શાવર વિધિ રામ પ્રાગટ્ય દિવસે !!!



ગાંધીનગરના આજોલ ગામ ના રાજપુત દંપતિએ કાયમી યાદગાર બનાવ્યો... રામ જન્મ પ્રાગટ્ય દિવસ અમદાવાદ ગાંધીનગર ગુજરાત અયોધ્યા કે ઉતર પ્રદેશ પૂરતો સીમિત રહ્યો નથી સાત સમંદર પાર અમેરિકા બ્રિટન કેનેડા તેમજ બીજા અન્ય દેશોમાં રામ પ્રાગટ્ય દિવસ ખૂબ જ આનંદથી વધાવ્યો છે આ દિવસને વધુ યાદગીરી માટે આજોલ ગામના હાલ ગાંધીનગર રહેતા રાજપુત ચાવડા પરિવાર ના સ્વેતાબા અને સંદીપ સિંહ ચાવડા નામના યુવાન દંપતી એ પહેલી પ્રેગ્નેન્સી માટે આજે બેબી શાવર વિધિ નું કેનેડા આયોજન કરી દાંપત્ય જીવનનેયાદગાર બનાવયો હતો. મનહરસિંહ વાઘેલા નારણપુરા અમદાવાદ.








ભ્રષ્ટાચારમાં ગળાડૂબ આસામના મુખ્યમંત્રીશ્રીનું ચહેરો ખુલ્લો પડી ગયો છે ત્યારે ગભરાયેલા અને અકળાયેલા મુખ્મંત્રીશ્રીના ઈશારે ભાજપના ગુંડા તત્વોએ શ્રી રાહુલ ગાંધીજી ની ભારત જોડો ન્યાય યાત્રા ઉપર હુમલો કરીને ભાજપના હિંસાના મોડલને આગળ કર્યુ છે. તેઓને ઈચ્છા એવી છે કે ભારત જોડો ન્યાય યાત્રા રોકવામાં આવે પણ ગમે તેટલા પ્રયત્નો કરે પણ શ્રી રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષ ડરવાની નથી ત્યારે આસામમાં ભાજપના ગુંડા તત્વોએ શ્રી રાહુલ ગાંધીજી ની ભારત જોડો ન્યાય યાત્રા ઉપરના હુમલા વિરોધમાં અમદાવાદ ખાતે સાળંગપુર, ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી હિંમતસિંહ પટેલની આગેવાનીમાં અને એ.આઈ.સી.સી.ના મંત્રી શ્રી રામકિશન ઓઝાજીની ઉપસ્થિતિમાં દેખાવો, મોન ધારણા પ્રદર્શન યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો, પદાધિકારીઓ જોડાયા હતા. પ્લેકાર્ડ સાથે શાંત રીતે વિરોધ પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસ પક્ષના કાર્યકરો, પદાધિકારીઓને પોલીસે બળપ્રયોગ કરીને રોકવાનો પ્રયત્ન કર્યો હતો અને અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી હિંમતસિંહ પટેલ, એ.આઈ.સી.સી.ના મંત્રી શ્રી રામકિશન ઓઝાજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ શ્રી બીમલભાઈ શાહ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશી, પ્રવક્તાશ્રી રત્નાબેન વ્હોરા, મહિલા આગેવાનશ્રી હેતાબેન પરીખ સહીત ૨૦૦ જેટલા કાર્યકરો પદાધિકારીઓની અટકાયત કરી હતી. જેને લઈને કાર્યકરોએ લોકતંત્ર બચાઓ, સંવિધાન બચાઓ, રઘુપતિ રાઘાવ રાજા-રામ, સબકો સંમતી દે ભગવાન, ડરો મતના ભારે સુત્રોચાર સાથે શ્રી રાહુલ ગાંધીજીની ભારત જોડો ન્યાય યાત્રા પરના હુમલાને વખોડી કાઢ્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.